# **અહેવાલ**

## **“Student Sensitisation Program on SSIP 2.0”**
## **“Entrepreneurship & Innovation”**

તારીખ: **18/08/2026**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**આયોજક: ISIICTL વિભાગ, BAOU**

**(ઇનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટર્નશિપ, ઇન્ક્યુબેશન, કોલેબોરેશન, ટેકનોલોજી અને લિંકેજીસ)**

**સ્થળ: અભ્યાસ કેન્દ્ર(1702), ઇડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટસ**

**અને**

**પી. એન. પટેલ કોમર્સ કોલેજ,ઈડર**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પ્રેરણાદાયી માર્ગદર્શન અને **ISIICTL વિભાગના ડિરેક્ટર** **પ્રો. (ડૉ.) મનોજ શાહ**ના દિશાનિર્દેશ હેઠળ, તા. **18 ઓગસ્ટ, 2026**ના રોજ **અભ્યાસ કેન્દ્ર ક્રમાંક 1702, ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટસ અને પી. એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડર** ખાતે **21 ઓગસ્ટના વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણીના ભાગરૂપે ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, **જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિક વિચારસરણી વિકસાવવો, નવીન વિચારોને ઓળખવાની ક્ષમતા વધારવી તથા તેમને સ્વરોજગાર અને વ્યવસાયિક તકો તરફ પ્રેરિત કરવાનો** હતો.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે **ISIICTL વિભાગના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે** વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા અને નવીનતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે **ઉદ્યોગસાહસિકતાની વિશેષતાઓ, ઉદ્યોગસાહસિક બનવાની પ્રક્રિયા, વ્યવસાયિક વિચારની ઓળખ અને તેને વ્યવહારુ વ્યવસાયમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા** અંગે સરળ ઉદાહરણો દ્વારા સમજ આપી હતી. સાથે જ, સફળ ઉદ્યોગસાહસિકોના પ્રેરણાદાયી ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને જોખમ લેવાની ક્ષમતા, સમસ્યાઓમાં તકો શોધવાની દૃષ્ટિ અને સતત નવીનતા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આગળ વધતાં, વિદ્યાર્થીઓને પોતાની આસપાસની સમસ્યાઓનું અવલોકન કરી **Problem Identification, Idea Generation અને Innovation** દ્વારા નવા ઉકેલો વિકસાવવા અંગે

માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નવીન વિચારને **વ્યવસાયિક મોડેલ, પ્રોજેક્ટ, પ્રોટોટાઇપ અને સ્ટાર્ટઅપ** સુધી લઈ જવાની પ્રાથમિક પ્રક્રિયા સમજાવવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓ પોતાના વિચારોને માત્ર વિચાર પૂરતા મર્યાદિત ન રાખી તેમને વ્યવહારુ તકમાં પરિવર્તિત કરી શકે.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓને **વિવિધ સરકારી યોજનાઓ, કૌશલ્ય વિકાસની પહેલો, ઉદ્યોગસાહસિકતા સહાય કાર્યક્રમો તથા SSIP 2.0** અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. ખાસ કરીને **SSIP 2.0** અંતર્ગત વિદ્યાર્થીઓને પોતાના નવીન વિચારો અને પ્રોજેક્ટને આગળ વધારવા માટે ઉપલબ્ધ **માર્ગદર્શન, સહાય, પ્રોટોટાઇપ વિકાસ તથા નાણાકીય તકો** અંગે સમજ આપવામાં આવી હતી.


કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને વ્યવસાયિક તકો અંગે પ્રશ્નો પૂછ્યા હતા તથા પોતાના વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં **નવીન વિચારસરણી, સ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતાની ભાવના** વિકસાવી તેમને ભવિષ્યમાં વ્યવસાયિક તથા સામાજિક ક્ષેત્રે સક્રિય ભૂમિકા ભજવવા માટે પ્રેરિત કરવાનો રહ્યો હતો.

## <u>ફોટોગ્રાફ</u>




GPS Map Camera
Google
Idar, Gujarat, India
R2p2+34f, Idar, Gujarat 383430, India
Lat 23.835296° Long 73.000835°
Tuesday, 18/08/2026 10:09 AM GMT +05:30


WORLD
ENTREPRENEURSHIP
DAY
GPS Map Camera
Google
Idar, Gujarat, India
R2p2+34f, Idar, Gujarat 383430, India
Lat 23.834881° Long 73.001043°
Tuesday, 18/08/2026 10:08 AM GMT +05:30


DR. BABA SAHEB AMBEDKAR OPEN UNIVERSITY
BAOU
WORLD
ENTREPRENEURSHIP
DAY

